C.C.No.3766/2023.

GJRJ050044082023	ફરિયાદ રજૂ થયા તારીખ	૩૦/૧૧/૨૦૨૩.
	ફરિયાદ દાખલ તારીખ	૩૦/૧૧/૨૦૨૩.
	ફરિયાદ નિકાલ થયા તારીખ	૦૯/૦૪/૨૦૨૬.
	અવધિ	વર્ષ માસ દિવસ ૨ ૪ ૧૨

==

જેતપુરના મહેરબાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં
મુકામઃ જેતપુરનાં સમક્ષ

==

ક્રિમિનલ કેસ નં.૩૭૬૬/૨૦૨૩.

આંકઃ–

ફરિયાદીઃ– શ્રીજી ફાઈનાન્સના પ્રોપરાઈટર,
અરવિંદભાઈ પ્રાગજીભાઈ લુણાગરીયા
ઉ.વ.પુખ્ત, ધંધો–ફાઈનાન્સ,
રહે.મામાદેવના મંદીર પાસે, ડોબરીયા વાડી
જેતપુર જી.રાજકોટ.

//વિરુદ્ધ//

આરોપીઃ– અશ્વિન નટુભાઈ સિતાપરા
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–મજુરી,
રહે.સમાધી પાસે, ભરવાડ પરૂ, વિરપુર(જલારામ)
તા. જેતપુર જી.રાજકોટ.

==

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી એચ.વી.ચોવટીયા

આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી એ.બી.સરવૈયા

==

==

ગુનોઃ– ધી નેગોશિયએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.

==

// ચુ કા દો //

(૧) આ કેસમાં આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) આ કેસમાં ફરિયાદ પક્ષની ટૂંકમાં એવી હકીકત છે કે, ફરિયાદી મામાદેવના મંદિર પાસે, ડોબરીયા વાડી, જેતપુર મુકામે શ્રીજી ફાઈનાન્સના નામે પેઢી ચલાવે છે. ફરિયાદી સદરનું પેઢીના પ્રોપ્રાઈટર છે અને તેઓની પેઢીમાંથી ધિરાણ આપવાનું કામ કરે છે. આ કામના આરોપી સમાધિ પાસે, ભરવાડ પરૂ, વિરપુર(જલારામ) મુકામે રહે છે અને મજૂરી કરે છે. આરોપીને અંગત કામ સબબ રૂપિયાની જરૂરીયાત ઉપસ્થિત થતાં, આરોપી ફરિયાદી પાસે તા.૦૮/૦૭/૨૦૨૩ના રોજ રૂબરૂ આવેલા અને ફરિયાદી પાસે રૂ.૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરા અંગત લોન પેટે માંગણી કરતા ફરિયાદીએ, આરોપીને રૂ.૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરાનું રોકડ સ્વરૂપે ધિરાણ આપેલ. ત્યારબાદ આરોપીને વધુ નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતા, આરોપી ફરિયાદી પાસે ફરીથી તા.૧૫/૦૭/૨૦૨૩ ના રોજ આવેલા. અને ફરિયાદી પાસે રૂ.૧૫,૦૦૦/–અંકે રૂપિયા પંદર હજાર પુરા અંગત લોન પેટે

માંગણી કરતા, ફરિયાદીએ આરોપીને રૂ.૧૫,૦૦૦/– અંકે રૂપિયા પંદર હજાર પુરાનું રોકડ સ્વરૂપે ધિરાણ આપેલ,આમ, ફરિયાદીએ આરોપીને ઉપરોકત વિગતે કુલ રૂ.૩૫,૦૦૦/– અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરાનું ધિરાણ આપેલ. ઉપરોકત રકમ તથા તેના પરનું તમામ વ્યાજ તા.૦૧/૧૦/૨૦૨૩ સુધીમાં ચુકવી આપવા આરોપીએ ફરિયાદીને ખાત્રી આપેલ. અને આરોપીએ ઉપરોકત તમામ ધિરાણ લેતી વખતે ધિરધાર કચેરીના નિયમ મુજબના જરૂરી કાગળો વાંચી, સમજી તે તમામ કાગળોમાં રેવન્યુ ટીકીટ ઉપર સહી કરી આપેલ,આથી ફરિયાદીએ લોનની મુદત વિત્યે, તેઓની કાયદેસરની લેણી રકમની પરત ચુકવણી અંગે, આરોપીનો રૂબરૂ સંપર્ક કરતાં, આરોપીએ ઉપરોકત તમામ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણી પેટે ફરિયાદીને, તેમની બેંક, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, વિરપુર શાખાનો તેમના ખાતા નં.૭૮૦૨૭૦૩૬૧૬૪નો ચેક જેના નં.૦૦૦૭૦૪, તા.૦૫/૧૦/૨૦૨૩, રકમ રૂ.૩૫,૭૨૦/– અંકે રૂપિયા પાંત્રીસ હજાર સાત સો વીસ પુરાનો ફરિયાદીની પેઢી શ્રીજી ફાઈનાન્સના નામ જોગથી એકાઉન્ટ–પેનો ચેક ફરિયાદીને આપેલ. જે ચેકમાં આરોપીની સહી છે,જે ચેક ફરિયાદીએ કલીયરીંગ માટે તેઓની ધી કો ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લીમીટેડ, જેતપુર શાખામાં તેઓની પેઢીના ખાતા નં.૦૦૦૬૧૧૦૧૦૦૦૦૪૨૮૩માં તા.૦૫/૧૦/૨૦૨૩ના રોજ જમા કરાવેલ. જે ચેક "**ફન્ડસ ઈનસફીસીયન્ટ**"ના શેરા સાથે પરત ફરેલ. તે અંગેની જાણ ફરિયાદીને તેઓની બેંક દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૩ ના રોજ

કરવામાં આવેલ,આથી ફરિયાદીએ, આરોપીએ આપેલ ચેક પરત ફર્યા હોવા અંગેની જાણ કરતાં, આરોપીએ ફરિયાદીને ચેનકેન પ્રકારે ઉડાઉ જવાબ આપેલ. અને રૂ.૩૫,૭૨૦/- અંકે રૂપિયા પાંત્રીસ હજાર સાત સૌ વીસ પુરા ચુકવવા માટે આનાકાની કરવા લાગેલ. અને ફરિયાદીની કાયદેસરની લેણી રકમ નહીં ચુકવી, ફરિયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે,આથી ફરિયાદીએ આરોપીના સરનામે તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ રજી.એડી મારફત લીગલ નોટિસ આપેલ. જે લીગલ નોટીસ કવર આ કામના આરોપીએ નહિ સ્વીકારતા, નોટીસ કવર "માલીક લેવાની ના પાડે છે'' ના શેરા સાથે તા. ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ પરત ફરેલ. આરોપીને કાયદા મુજબ નોટીસ બજી ગયા છતા આરોપીએ લીગલ નોટીસમાં જણાવ્યા મુજબની રકમ રૂ. ૩૫,૭૨૦/- અંકે રૂપિયા પાંત્રીસ હજાર સાત સો વીસ પુરા ચુકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી હાલની આ ફરિયાદ કરવાની ફરજ પડેલ છે.

સદરહુ ફરિયાદ લાવી ફરિયાદીએ દાદ માંગેલ છે કે,

(૧) ફરીયાદી પાસેથી આ કામનાં આરોપીએ લીધેલ ધિરાણ લોનની ચુકવણી પેટે આ કામનાં આરોપીએ આપેલ રૂ.૩૫,૭૨૦/- પુરાનો ચેક બેંકમાં વટાવવા માટે નાંખતાં "ફંડસ ઈન્સફીશીયન્ટ" ના શેરા સાથે પરત ફરેલ. જે અંગે આ કામનાં આરોપીને ઉપરોકત જણાવેલ સરનામે રજી.એડી.મારફત આપેલ લીગલ નોટીસ બજી ગયેલ હોવા છતાં, ચેક મુજબની રકમ ચુકવેલ નથી કે નોટીસનો કોઈ

જવાબ આપેલ નથી. આમ, આરોપીએ ધી નેગોશિયએબલ ઈન્સ્ટુમેન્ટની કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ હોય સખ્ત નશ્યતે પહોંચાડવા અરજ છે.

(૨) ફરીયાદ અનુસંધાને જે કોઈ દાદ કે દાવો મળી શકે તેવી હોય તમામ દાદ અપાવવા અરજ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ બનતો હોઈ ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યૂ કરેલ છે જેના આધારે આરોપી હાજર રહેલ છે અને આંક–૧૦ ગુના અંગે પ્લી લેતા તેઓએ ગુનો કબૂલ કરેલ નથી જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

મૌખિક પુરાવાઓ.

ક્રમ	વિગત	આંક
૧	ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું.	૦૫

દસ્તાવેજી પુરાવાઓ

ક્રમ	વિગત	આંક
૧	ફરીયાદીનું આધારકાર્ડની નકલ	૧૨
૨	નાણાં ધીરધાર કરવા અંગેનું લાઈસન્સ	૧૩
૩	સહકારી અધિકારીની કચેરી રાજકોટ દ્રારા ફરીયાદીને શાહુકાર ધારા અન્વયે મોકલેલ લાયસન્સ	૧૪
૪	આરોપીનું આધારકાર્ડ	૧૫
૫	આરોપીએ લીધેલ લોનનું શરતોનું પત્રક	૧૬, ૧૭

૬	આરોપીએ આપેલ ચેક	૧૮
૭	ચેક જમા કર્યાની સ્લીપ	૧૯
૮	રીટર્ન મેમો	૨૦
૯	લીગલ નોટીસ	૨૧
૧૦	રજી.એડી.કર્યાની સ્લીપ	૨૨
૧૧	નોટીસ કવર પરત ફરેલ	૨૩
૧૨	પોસ્ટ ટ્રેક રીપોર્ટ	૨૪

ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક-૨૫ થી કલોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૫) આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીએ, ફરિયાદીના પુરાવાનો ઈનકાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપવા તથા સાહેદ તપાસવા માંગે છે તેવું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, ઉપરોકત ચેક કમલેશગીરી મોરારગીરી ગૌસ્વામીને કોરો ચેક આપેલ હતો તેવું જણાવેલ છે.

(૬) સદરહુ કામે બચાવપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

<u>**મૌખિક પુરાવાઓ.**</u>

ક્રમ	વિગત	આંક
૧	આરોપી અશ્વિનભાઈ નટુભાઈ સીતાપરાની જુબાની	૨૭

ત્યારબાદ બચાવપક્ષ તરફે આંક–૨૮ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૭) ત્યારબાદ ફરિયાદપક્ષના વિદ્ધાન વકિલશ્રી દ્રારા **આંક–૨૯ થી લેખીત દલીલો** રજુ કરેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદીએ આંક–૧૬, ૧૭ વાળા દસ્તાવેજમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે આરોપી પાસેથી જામીનગીરી પેટે આંક–૧૮ વાળો ચેક લીધેલ હોય જે વિગત જોઈ તપાસી આરોપીએ તેમા સહી કરી આપેલ છે ત્યારે આરોપીની ચેકમાં સહી ન હોવા અંગેની કોઈ તકરાર માની શકાય નહી.આરોપીએ પોતાનું કાયદેસરનું દેવું અને જવાબદારી પુર્ણ કરવા ચેક આપેલ હોય તે હકીકતો સ્પષ્ટપણે સાબીત કરેલ છે. જયારે આરોપીએ ચોકકસ પુરાવા રજુ કરી સાબીત કરવાની રહે છે આવી કોઈ હકીક આરોપી સાબીત કરી શકેલ નથી. તેમજ પુરાવા રજુ કરેલ નથી કે નોટીસનો જવાબ આપેલ નથી કે દસ્તાવેજી આધારો પોતાના સમર્થનમાં રજુ રાખેલ નથી. તેમજ આરોપી કોઈ લેખીત કે મૌખીક પુરાવાથી ફરીયાદીએ આરોપીને લોન આપેલ ન હોય તેવી કોઈ હકીકત સાબીત કરી શકેલ નથી કે પુરાવો રજુ કરી શકેલ નથી.આરોપીએ ફરીયાદીને આપેલ ચેક કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું માની શકાય છે અને અનુમાનનું ખંડન કરવામાં આરોપી નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આ કામનાં બચાવપક્ષ દ્રારા ફરીયાદીની ઉલટતપાસ લેવામાં આવેલ નથી તે સંજોગોમાં ફરીયાદપક્ષની તમામ હકીકત પુરવાર થાય છે. આ ઉપરાંત બચાવપક્ષ તર્ફે આરોપીએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલ છે જે જુબાનીના અનુસંધાને આ કામનાં

આરોપીએ ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ કોઈ દસ્તાવેજી પુરાવાઓને નકારેલ નથી કે પોતાનું સરનામું ફરીયાદમાં ખોટુ દર્શાવ્યા અંગે કે પોતાને નોટીસ મળેલ ન હોવા અંગે કોઈ જ ખંડન કરેલ નથી તે સંજોગોમાં પણ ફરીયાદપક્ષની હકીકત પુરવાર થાય છે. વધુમાં આ કામનાં આરોપીએ પોતાની સરતપાસમાં આંક–૧૮ વાળા ચેકમાં પોતાની સહી ન હોવા બાબતે પણ કોઈ ખુલાસો કરેલ નથી કે સરતપાસમાં જણાવેલ કમલેશગીરી ગૌસ્વામીને ચેક આપેલ હોય તો સદર કમલેશભાઈને સાહેદ તરીકે પણ તપાસેલ નથી. તે સંજોગોમાં બચાવપક્ષ તરફે આરોપીએ પોતાના બચાવ સંદર્ભે કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આ તમામ સંજોગોને ધ્યાને લેતાં આરોપીએ નામ.કોર્ટના કિંમતી સમયનો વ્યય કરેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી મહતમ સજા કરવા નમ્ર અરજ કરેલ છે.

ત્યારબાદ આરોપીપક્ષના વિદ્વાન વકીલશ્રીની **આંક–૩૧ થી લેખીત દલીલો** રજુ થયેલ છે તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે આરોપીને જે કંઈ નાણાકીય લેવડ દેવડ થયેલ તે કમલેશગીરી મોરારગીરી ગૌસ્વામી સાથે થયેલ અને આ કામનાં ફરીયાદી સાથે કોઈ નાણાંકીય લેવડ દેવડ થયેલ જ નથી. જેથી ચેકની રકમ કે તેના કોઈ વળતરની રકમ ફરીયાદી મેળવવા હકકદાર નથી તેમજ આરોપીનો સદર કોરો ચેક ફરીયાદીએ તેની રીતે ભરી અને બેંકમાં ભરેલ છે જેમ કરી ફરીયાદીએ આરોપી સાથે ફ્રોડ કરેલ છે. ફરીયાદી પાસેથી કોઈ રકમ લીધેલ હોય અથવા તો બાકી લેણી રકમ હોય તો તેવા કોઈ પુરાવા આ કામે ફરીયાદીએ રજુ કરેલ નથી. આરોપીએ કમલેશગીરી

મોરારગીરી ગૌસ્વામી પાસેથી રકમ મેળવેલ તે રકમનો વહીવટ આરોપીને તેઓ સાથે હોય જેથી સીકયુરીટી પેટે આપેલ કોરો ચેકનો ફરીયાદીએ દૂરપયોગ કરી ફરીયાદીએ ચેક બાઉન્સ કરાવી રકમ પડાવવાના બદઆશયથી ખોટી રીતે ફરીયાદ કરેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ કરેલ છે.

(૮) સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદીએ આરોપીને ઉપરોકત વિગતે કુલ રૂ.૩૫,૦૦૦/- અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરાનું ધિરાણ આપેલ. આરોપીએ ઉપરોકત તમામ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણી પેટે ફરિયાદીને, તેમની બેંક, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, વિરપુર શાખાનો તેમના ખાતા નં.૭૮૦૨૭૦૩૬૧૬૪નો ચેક જેના નં.૦૦૦૭૦૪, તા.૦૫/૧૦/૨૦૨૩, રકમ રૂ.૩૫,૭૨૦/- અંકે રૂપિયા પાંત્રીસ હજાર સાત સો વીસ પુરાનો ફરિયાદીની પેઢી શ્રીજી ફાઈનાન્સના નામ જોગથી એકાઉન્ટ-પેનો ચેક ફરિયાદીને આપેલ. જે ચેક તા.૦૫/૧૦/૨૦૨૩ના રોજ જમા કરાવેલ. જે ચેક "**ફન્ડસ ઈનસફીસીયન્ટ**"ના શેરા સાથે પરત ફરેલ. તે અંગેની જાણ ફરિયાદીને તેઓની બેંક દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ,

ફરિયાદીની કાયદેસરની લેણી રકમ નહીં ચુકવી, ફરિયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે,આથી ફરિયાદીએ આરોપીના સરનામે તા.૧૮/૧૦/૨૦૨૩ના રોજ રજી.એડી મારફત લીગલ નોટિસ આપેલ. જે લીગલ નોટીસ કવર આ કામના આરોપીએ નહિ સ્વીકારતા, નોટીસ કવર "માલીક લેવાની ના પાડે છે'' ના શેરા સાથે તા. ૧૯/૧૦/૨૦૨૩ ના રોજ પરત ફરેલ. આરોપીને કાયદા મુજબ નોટીસ બજી ગયા છતા આરોપીએ લીગલ નોટીસમાં જણાવ્યા મુજબની રકમ રૂ. ૩૫, ૭૨૦/- અંકે રૂપિયા પાંત્રીસ હજાર સાત સો વીસ પુરા ચુકવેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

<u>//કારણો//</u>

<u>**મુદ્દા નં.૧, ૨.**</u>

(૧૧) આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષપાત્ર ગુનાનું તહોમત છે જે અંગેની ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ લક્ષમાં લેતાં, નીચે મુજબના આવશ્યક તત્ત્વો ફરિયાદીની ફરિયાદમાં હોવા જોઈએ અને તેવી હકીકતો ફરિયાદીએ તેઓના પુરાવાથી પુરવાર કરવાની છે.

૧. કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપી દ્વારા પોતાના ખાતાનો ચેક ઈસ્યુ કરવામાં આવેલ હતો.

૨. ચેક ફરિયાદી દ્વારા બેંકમાં રજૂ કરવામાં આવેલ હતો.

૩. ચેક બેંકમાં રજૂ કરતા, આરોપીની બેંક દ્વારા વણચુકવ્યો પરત આવેલ હતો.

૪. વણચુકવ્યો પરત ફરેલ ચેકની રકમ ચુકવવા માટે ચેકના ધારણકર્તા દ્વારા ચેક લખનારને આ કલમની જોગવાઈ મુજબની નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ હતી.

૫. ચેક લખનાર નોટિસ બજવા છતાં નિયત મુદ્દતમાં ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે.

139. Presumption in favour of holder.—

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section–138 for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૨) ઉપરોકત કાયદાકીય જોગવાઈ સિવાય ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કલમ–૧૩૯માં ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબત જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસના નિર્ણય માટે રજૂ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંદર્ભે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ અંગે નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓથી સ્થાપિત સિદ્ધાંતો લક્ષમાં લેવા પડે જે અંગે નીચે મુજબના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. ૨૦૧૦ એ.આઈ.આર. (એસ.સી) ૧૮૯૮ રંગપ્પા વિ.શ્રી મોહનનો ચુકાદો માનસહ વંચાણે લેતાં આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટના પેરા–૧૪માં ઠરાવેલ છે કે, કલમ–૧૩૯માં કાયદેસરનું લેણું અસ્તિત્વમાં હતું તેવા અનુમાનનો સમાવેશ થાય છે. આરોપીએ કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન માટેનો પુરાવો સંભાવનાની પ્રબળતા (પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી) હોય તેટલી કક્ષાનો આપવો પડશે અને તે માટે આરોપીએ પોતાનો પુરાવો આપવાની જરૂર નથી પરંતુ ફરિયાદી તરફે રજૂ પુરાવા પર આધાર રાખીને પણ બચાવ કરી શકે છે.

(૧૩) મુદ્ધા નંબર–૦૧ના નિર્ણય હેતુસર ઉપરોકત ચર્ચા કર્યા મુજબની કાયદાની જોગવાઈ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટના ચુકાદાથી સ્થાપિત સિદ્ધાંત અને તે અંગે પ્રસ્તુત કેસની હકીકત અને તે અન્વયે રજૂ પુરાવો લક્ષમાં લેવામાં આવેલ છે.

(૧૪) પ્રસ્તુત કેસમાં **ફરિયાદી અરવિંદભાઈ પ્રાગજીભાઈ લુંણાગરીયાનાઓએ આંક–૦૫થી** સરતપાસનું સોગંદનામું આપેલ છે અને ફરિયાદની હકીકતો દોહરાવેલ છે. જે સંદર્ભે આ કામના ફરિયાદી તરફે પોતાની ફરિયાદ તથા સરતપાસના સોગંદનામામાં ફરિયાદીએ આરોપીને ઉપરોકત વિગતે કુલ રૂ.૩૫,૦૦૦/– અંકે રૂપિયા પાંત્રીસ હજાર પુરાનું ધિરાણ આપેલ. ઉપરોકત રકમ તથા તેના પરનું તમામ વ્યાજ તા.૦૧/૧૦/૨૦૨૩ સુધીમાં ચુકવી આપવા આરોપીએ ફરિયાદીને ખાત્રી આપેલ. અને આરોપીએ ઉપરોકત તમામ ધિરાણ લેતી વખતે ધિરધાર કચેરીના નિયમ મુજબના જરૂરી કાગળો વાંચી, સમજી તે તમામ કાગળોમાં રેવન્યુ ટીકીટ ઉપર સહી કરી આપેલ,આથી ફરિયાદીએ લોનની મુદત વિત્યે, તેઓની કાયદેસરની લેણી રકમની પરત ચુકવણી અંગે, આરોપીનો રૂબરૂ સંપર્ક કરતાં, આરોપીએ ઉપરોકત તમામ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણી પેટે ફરિયાદીને, તેમની બેંક, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, વિરપુર શાખાનો તેમના ખાતા નં.૭૮૦૨૭૦૩૬૧૬૪નો ચેક જેના નં.૦૦૦૭૦૪, તા.૦૫/૧૦/૨૦૨૩, રકમ રૂ.૩૫,૭૨૦/– અંકે રૂપિયા પાંત્રીસ હજાર સાત સો વીસ પુરાનો ફરિયાદીની પેઢી શ્રીજી ફાઈનાન્સના નામ જોગથી એકાઉન્ટ–પેનો ચેક ફરિયાદીને આપેલ.

આ કામના આરોપીપક્ષ તરફે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય જેથી આંક–૧૧ની અરજી નીચે ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આ ઉપરાંત

બચાવપક્ષ તરફે સદર કેસની કાર્યવાહીમાં આજદીન સુધી ફરીયાદીની ઉલટતપાસનો હકક ખોલવા માટે કોઈ જ પ્રયત્ન કરેલ નથી કે તેને નકારેલ પણ નથી. જે મુજબ ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ તમામ મૌખિક તથા લેખીત પુરાવાઓ પુરવાર થાય છે. આ સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૫૮ વંચાણે લેવી પડે જે નીચે મુજબ છે.

58. **Facts admitted need not be proved**.–

No fact need be proved in any proceeding which the parties thereto or their agents agree to admit at the hearing, or which, before the hearing, they agree to admit by any writing under their hands, or which by any rule of pleading in force at the time they are deemed to have admitted by their pleadings: Provided that the Court may, in its discretion, require the facts admitted to be proved otherwise than by such admissions.

આમ, ઉપરોકત જોગવાઈ મુજબ જયારે ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાને બચાવપક્ષ દ્વારા નકારવામાં આવેલ ન હોય કે ફરીયાદીની ઉલટતપાસ કરી ફરીયાદની હકીકત સંદર્ભે કોઈ ખંડન કરેલ ન હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષની હકીકત પુરવાર થાય છે.

(૧૫) ત્યારબાદ આ કામે બચાવપક્ષ તર્ફે આરોપી અશ્વિનભાઈ નટુભાઈ સીતાપરા નાઓએ આંક–૨૭થી સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને તેમાં જણાવેલ છે કે, હાલના કેસના સંદર્ભમા ફરીયાદીએ જે ફરીયાદ તેમના પર કરેલ છે તે બાબતે જણાવે છે કે, ફરીયાદીએ ફરીયાદ કરેલ તેની પાસેથી તેઓએ ક્યારેય પૈસા લીધેલ નથી. જે ફરીયાદ કરેલ છે તે પૈસા કમલેશ મોરારગીરી ગૌસ્વામી પાસેથી તેઓએ રૂપિયા વીસ હજાર લીધેલ છે. આ રૂપિયા તેઓએ કોરોના પહેલા કમલેશગીરી પાસેથી લીધેલ. તેમનો આંક–૧૮ વાળો ચેક કમલેશગીરી પાસે હતો. કમલેશભાઈ સાથે રૂપિયા લેતી વખતે ફરીયાદી અરવિંદભાઈ પણ વિરપુર મુકામે હાજર હતા. કોરોના બાદ કમલેશગીરી ગોસ્વામી તેમની પાસેથી રૂપિયા પંદર હજાર લઈ ગયેલ. બાકીના પાંચ હજાર રૂપિયા આપીને તેમના બે કોરા ચેક પાછા આપવા બાબતે નક્કી કરેલ. ત્યારબાદ કમલેશગીરી અને અરવિંદભાઈ વચ્ચે ઝઘડો થયેલ હોય જેથી આ બે માંથી કોઈ તેમની પાસે તેમના બાકીના રૂપિયા પાંચ હજાર લેવા આવેલ નહી. ત્યારબાદ હાલની ફરીયાદ તેમની ઉપર ખોટી કરેલ છે. વધુમા જણાવે છે કે તેમનાં આંક–૧૮વાળા ચેકમા સહી સિવાય બીજુ કોઈ લખાણ તેમનું નથી.

ફરીયાદી તર્ફે કરેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે , તેઓ આંક–૧ મા દર્શાવેલ સરનામા મુજબ રહેઠાણ સમાધિ પાસે ભરવાડપરુ વીરપુર જલારામ મુકામે તાલુકો–જેતપુર જી–રાજકોટ છે. એ વાત ખરી છે કે, અરવિંદભાઈએ તેમને આપેલ નોટીસનો તેઓએ કોઈ જવાબ આપેલ નથી. એ વાત

ખરી છે કે, અરવિંદભાઈ અને કમલેશભાઈ વચ્ચે ભાગીદારી હોય તેવો કોઈ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક–૧૮ વાળો ચેક તેઓએ કમલેશભાઈને આપેલ હોય તેવો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. તેઓ બેંકમા આંક–૧૮ વાળા ચેકનુ પેમેન્ટ સ્ટોપ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, તા–૫/૧૦/૨૦૨૩ના રોજ તેમના ખાતામા રૂ.૩૫,૭૨૦/– હોય તેવો પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, તેઓ કમલેશભાઈ પાસેથી કોઈ લોન કે હાથ ઉછીની રકમ લીધી હોય તેવો દર્શાવતો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. તે સિવાયની હકીકતનો ઈન્કાર કરેલ છે.

ઉપરોકત આરોપીનો પુરાવો જોતાં સદર આરોપીએ પોતાની સરતપાસમાં ફરીયાદપક્ષ તર્ફે રજુ કરેલ કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવાને નકારેલ નથી. આ ઉપરાંત કોરોના સમયમાં આરોપીએ કમલેશગીરી ગૌસ્વામી પાસેથી રૂ.૨૦,૦૦૦/– કોરોના પહેલા લીધેલ હોય અને કોરોના બાદ રૂ.૧૫૦૦૦/– કમલેશગીરી ગૌસ્વામીને આપી દીધેલ હોય તે બાબતનો સમર્થનકારી કોઈ પુરાવો આરોપીએ રજુ કરેલ નથી કે સદર કમલેશગીરી ગૌસ્વામીને સાહેદ તરીકે તપાસેલ નથી. વધુમાં આંક–૧૮ વાળા ચેકમાં આરોપીએ પોતાની સહી સ્વીકારેલ છે અને પોતાને ફરીયાદની નોટીસ બજેલ ન હોવા અંગે કોઈ ખંડન કરેલ ન હોય તે સંજોગોમાં સદર ફરીયાદ અંગેની નોટીસ આરોપીને તેમના સરનામે બજી ગયેલ હોવાનું પણ પુરવાર થાય છે. આમ, ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે

બચાવપક્ષ તર્ફે કોઈ દરકાર લીધેલ ન હોય અને આરોપીએ પોતે આપેલ જુબાનીના સંદર્ભે પોતાના બચાવને સમર્થન આપવા અંગે પણ કોઈ દરકાર લીધેલ ન હોય તે સંજોગોમાં બચાવપક્ષને ફરીયાદની હકીકતના સંદર્ભે બચાવનો કોઈ લાભ મળતો નથી.

ઉપરોકત પુરાવા અનુસંધાને Sripatisingh(since deceased) through his son gauravsingh Versus the state of Jharkhand & anr Criminal Appeal No.12691270 Of 2021 માં નામદાર સર્વોચ્ચ અદાલેત ઠરાવેલ છે કે,

“16.A cheque issued as security pursuant to a financial transaction cannot be considered as a worthless piece of paper under every circumstance. 'Security' in its true sense is the state of being safe and the security given for a loan is something given as a pledge of payment. It is given, deposited or pledged to make certain the fulfilment of an obligation to which the parties to the transaction are bound. If in a transaction, a loan is advanced and the borrower agrees to repay the amount in a specified timeframe and issues a cheque as security to secure such repayment; if the loan amount is not repaid in any other form before the due date or if there is no other understanding or agreement between the parties to defer the payment of amount, the cheque which is issued as security would mature for presentation and the drawee of the cheque would be entitled to present the same. On such presentation, if the same is dishonoured, the consequences contemplated under Section 138 and the other provisions of N.I. Act would flow.”

આમ, ઉપરોક્ત તારણ મુજબ હાલના કેસમાં આરોપી તરફે નાણાની લેવડ–દેવડના વ્યવહાર સંદર્ભે આપલે સિક્યુરીટી પેટેનો ચેક ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટનીની કલમ–૧૩૮ મુજબની કાર્યવાહીમાં અમલી બને છે. વધુમાં ૨૦૦૮ ડી. સી. આર. (ગુજ.)૧૮૮ ઉપર પ્રસિદ્ધ થયેલ ''સતીશ જયંતીલાલ શાહ વિરુદ્ધ પંકજ મશરુવાળા અને બીજાના ચુકાદામાં તેમજ ૨૦૧૦ ક્રી.લો.જ. ૨૮૭૧ ઉપર પ્રસિધ્ધ થયેલ 'રંગપ્પા વિ, મોહન''ના ચુકાદામાં તેમજ, ૨૦૦૧ ક્રી.લો.જ. ૧૭૪૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ''કે.એન.બીના વિ. મુનીથપન''ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત એ પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતું હોય તો ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ તકરારી ચેક કાયદેસર રીતે વસુલ કરાવી શકાય તેવા લેણાની ચુકવણી પેટે જ આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે અને તેથી જયાં સુધી વિરુદ્ધનું પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી આ ચેક ફરિયાદીએ ધી નેગોશિયએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારી માટે મેળવ્યો હતો તેમ અનુમાન થાય. હાલના કેસમાં તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતું હોય ધી નેગોશિયએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. જેથી **આંક–૧૮** વાળો તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા, જવાબદારી પેટે ફરિયાદીને આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે એટલે કે,

તકરારી ચેક ફરિયાદીના કાયદેસર રીતે વસૂલ કરાવી શકાય તેવા કાયદેસરના લેણાંની ચુકવણી પેટે જ આરોપી દ્વારા આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.

(૧૬) નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના AIR 1964 SUPREME COURT 575 "Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra"ના ચુકાદામાં નોંધેલ છે કે,

"12............ The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."

નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે કાયદાની જોગવાઈમાં '**unless the contrary is proved'** શબ્દનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહિ પરંતુ પુરાવાઓથી

જ થઇ શકે. વધુમાં આરોપીપક્ષે જયારે ચેકમાં પોતાની સહીને નકારેલ ન હોય ત્યારે અન્ય વિગત ફરિયાદીએ ભરેલ ન હોવા માત્રથી પણ આરોપીને લાભ મળતો નથી. આ અંગે સર્વોચ્ચ અદાલતે **Bir Singh v Mukesh kumar**, **CRIMINAL APPEAL NOS.230-231 OF 2019** માં પણ ઠરાવેલ છે કે,

“37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted. 38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.”

આમ, સમગ્ર પુરાવાઓ ધ્યાને લેતા ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓને આરોપીપક્ષે નકારવામાં આવેલ નથી. આરોપીપક્ષે ચેકમાં કરેલ સહીને નકારેલ નથી અને ફરિયાદીની બીજી હકીકતોનું ખંડન કરેલ નથી અને ચેક ફરિયાદી પાસે હોવા અંગે પણ કોઈ ખંડન કરેલ નથી કે આરોપીપક્ષે પણ કોઈ પુરાવો રજૂ નથી. આરોપી પક્ષે ફરિયાદીએ આપેલ ફરિયાદ કે દસ્તાવેજી પુરાવાઓને

નકારેલ શકેલ નથી કે ખોટા સાબિત કરી શકેલ નથી. તેમજ આરોપીપક્ષે એવો કોઈ પ્રોબેબલ ડીફેન્સ જણાઈ આવતો નથી. આરોપીપક્ષે ચેકની સહીને નકારેલ નથી કે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ ન હોય, સહી કરેલ ન હોય, રૂપિયાની ઉઘરાણી ખોટી હતી કે ફરિયાદી તરફે આપવામાં આવેલ નોટિસ અંગે કોઈ રીબુટલ અનુમાન કે બચાવ રજૂ કરેલ નથી.

(૧૭) ફરિયાદીએ પોતાની ફરિયાદની હકીકતો જણાવી અને ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે તેમાં જણાવેલ હકીકતો તથા દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતા ફરિયાદીને આરોપીએ લીધેલ લોનનું શરતોનું પત્રક તેમજ આંક–૧૮થી રજૂ ચેક આપેલ હતો તેવી હકીકતને સમર્થન મળે છે આ ચેક ફરિયાદીએ તેઓના બેંકમાં જમા કરાવતાં આંક–૨૦થી રજૂ ચેક રિર્ટન મેમા મુજબ ફંડ ઈન્સફિસિયન્ટના કારણોસર વણચુકવ્યો પરત આવેલ હતો જે વણચુકવ્યા પરત ફરેલ ચેકની રકમ ચુકવવા ચેક લખનાર એટલે કે આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આંક–૨૧ની નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ હતી જે નોટિસ રજિ.એડિ. કર્યા અંગેની સ્લીપ આ કામે આંક–૨૨થી રજૂ કરેલ છે અને જેથી નોટિસ બજી ગયેલ હોવાનું માનવાનું રહે છે અને નોટિસ બજવા છતાં નિયત મુદ્દતમાં ચેકની રકમ ચકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે. આમ, ફરિયાદીની જુબાનીથી તેમજ તે સાથે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા, ફરિયાદની હકીકતને

નિ:શંકપણે પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૧નો જવાબ હકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

//હુકમ//

(૧) આરોપી અશ્વિન નટુભાઈ સિતાપરા ઉ.વ.આ.પુખ્ત, રહે.સમાધી પાસે, ભરવાડ પરૂ, વિરપુર(જલારામ), જેતપુર જી.રાજકોટ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાર ઠરાવવામાં આવે છે.

(૨) આરોપીને સજા કરતા અગાઉ તે સંદર્ભે સાંભળવા જરૂરી જણાતું હોય આરોપીને સજા અંગે સાંભળવા ચુકાદો મુલતવી રાખવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૯, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૪/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

જેતપુર.

UIC–GJ01563.

<u>સજા અંગે સાંભળવા પર મુલતવી :-</u>

<u>સજા અંગે સાંભળ્યા.</u>

(૧૮) ફરિયાદપક્ષ તરફે વિદ્ધાન વકીલશ્રીનાઓએ મૌખિક રજૂઆત કરેલ છે કે સદર કામે આ કામનાં આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સાબીત થયેલ હોય આ કામનાં આરોપીને યોગ્ય સજા કરી આ કામનાં ફરીયાદીને ચેકની રકમ વ્યાજ સાથે અપાવવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીનાઓએ મૌખીક રજુઆત કરેલ છે કે, આરોપીની આર્થિક સ્થિતિ સારી નથી, તેમજ તેમનાં કુટુંબના એક માત્ર કમાનાર વ્યકિત છે. તેમનો આ પ્રથમવારનો ગુનો છે. કુટુંબની જવાબદારી છે. જેથી મીનીમમ સજા કરવા તથા ઓછો દંડ કરવા જણાવે છે.

(૧૯) સજા અંગે ફરિયાદપક્ષે ફરિયાદીના વિ.વ.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. સદર ફરિયાદની હકીકત અને કેસની કાર્યવાહીને ધ્યાને લેતાં અંતે આરોપીને મહત્તમ સજા ન કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>//આખરી હુકમ//</u>

(૧) આરોપી અશ્વિન નટુભાઈ સિતાપરા ઉ.વ.આ.પુખ્ત, રહે.સમાધી પાસે, ભરવાડ પરૂ, વિરપુર(જલારામ), જેતપુર જી.રાજકોટને નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ક્રિમિનલ પ્રોસિજર કોડ, ૧૯૭૩ની કલમ-

૨૫૫(૨) અન્વયે તકસીરવાર ઠરાવી ૦૧ એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૩૫,૭૨૦/–નું વળતર આ કામના ફરિયાદીને આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ આ ગુનામાં જેલમાં સમય ગાળેલ હોય તો તે સમય સજામાં મજરે આપવો.

(૩) કચેરીને આદેશ આપવામાં આવે છે કે ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૬૩ અનુસાર આ હુકમની એક નકલ તાત્કાલિક વિનામૂલ્યે આરોપીને પૂરી પાડવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૯, માહેઃએપ્રિલ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૦૯/૦૪/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)

જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

જેતપુર.

UIC–GJ01563.

Typed by:– k.m.vaja
Gujarati Stenographer